RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 112, Dt.20-07-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પોરબંદર બાદ દ્વારકામાં મેઘતાંડવથી ભારે તબાહી



## દેવભૂમિ દ્વારકામાં બે દિવસમાં ૨૦ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારઃ બચાવ કાર્ય પુરજોશમાં, પોરબંદર સહિત સૌરાષ્ટ્રના અન્ય જિલ્લામાં વરસાદનું જોર ઘટ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે મેઘરાજા થોડા ધીમા પડયા છે. છતાં દ્વારકા પંથકમાં હજુ સવારી ચાલુ હોય તેમ સવારે વધુ ૪ ઇંચ પાણી પડી જતા હજુ સર્વત્ર પાણી પાણી જેવી જ હાલત છે તો હવે જૂનાગઢ જિલ્લા તરફ મુકામ હોય તેમ આજ સવારે વંથલીમાં બે અને જુનાગઢમાં દોઢ ઇંચ વરસાદ વરસી ગયાના અહેવાલ છે.

દેવભૂમિ દ્વારકા પંથકના છેલ્લા બે દિવસથી મેઘરાજા તોફાની બેટિંગ કરી રહ્યા છે. ગઈકાલના ૧૫ ઈંચ વરસાદ બાદ આજરોજ સવારે પણ મેઘરાજાએ પુનઃ ત્રાટકી અને સવારે ત્રણેક કલાકના સમયગાળામાં વધુ ચાર ઈંચ જેટલો વરસાદ વરસાવી દીધો છે. દ્વારકા તાલુકામાં આજે પણ સવારથી મેઘાવી માહોલ ઘુંટાયો હતો અને સવારે આશરે સાતેક વાગ્યાથી ધીમીધારે શરૂ થયેલા વરસાદે વેગ પકડતા સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૪ ઈંચ જેટલો (૮૮ મી.મી.) વરસાદ વરસી ગયો હતો. જેના કારણે અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા.

પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે તંત્ર દ્વારા અવિરત રીતે દોડધામ જારી રાખવામાં આવી હતી. હાલ દ્વારકા તાલુકાનો કુલ વરસાદ ૩૬ ઈંચથી વધુ વરસી જવા પામ્યો છે. દ્વારકા જિલ્લામાં ભારે વરસાદના પગલે શિક્ષણ તંત્ર દ્વારા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં આજરોજ સવારે રજા જાહેર કરી દેવામાં આવી હતી. આમ, દ્વારકા તાલુકાને બાદ કરતા જિલ્લાના અન્ય ત્રણ તાલુકાઓ ખંભાળિયા, કલ્યાણપુર અને ભાણવડમાં મહદ અંશે મેઘ વિરામ રહ્યો છે. જુદા જુદા વિસ્તારોમાં છૂટાછવાયા હળવા ઝાપટા વરસ્યા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજે સવાર સુધીમાં દ્વારકા તાલુકામાં સૌથી વધુ ૧૫ ઈંચ તેમજ ભાણવડ તાલુકામાં સૌથો ઓછો ૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને પગલે જનજીવન પ્રભાવિત થતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રેસ્ક્યુ સહિતની કામગીરીઓ હાથ ધરવામાં આવી હતી.

છેલ્લા ૨૪ કલાકમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં ૧૩૪ મીમી, દ્વારકા તાલુકામાં ૩૭૨ મીમી, ખંભાળિયા તાલુકામાં ૭૬ મીમી તથા ભાણવડ તાલુકામાં ૫ મીમી જેટલો વરસાદ નોંધાયો છે.

# બાંગ્લાદેશમાં અનામત વિરોધી આંદોલન હિંસકઃ સમગ્ર દેશમાં કર્ફ્યુ લદાયો

## રાજધાની ઢાંકામાં ગઈકાલે એક દિવસમાં ૫૨ લોકોના મોતઃ સૈન્યને હવાલે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બાંગ્લાદેશમાં હિંસક પ્રદર્શનના કારણે સ્થિતિ ખુબ જ નાજુક છે.અત્યાર સુધીમાં તોફાનોમાં ૧૦૫ લોકોના મોત થયા છે.ખૂબ જ સંવેદનશીલ હાલતમાં સરકારે કાયદો વ્યવસ્થા સંભાળવા માટે હવે કમાન સેનાના હાથમાં સોંપી દેવાઈ છે. દેશભરમાં કર્ફ્યુ લાગુ કરાયો છે.

બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં અનામતને લઈને હિંસા વધ્યા બાદ શૂક્રવારે દેશભરમાં કર્ફ્યુ લાગ કરી દેવામાં આવ્યો છે અને સેનાને તૈનાત કરી દેવાઈ છે. વડાપ્રધાન શેખ હસીનાના પ્રેસ સચીવ નઈમુલ ઈસ્લામખાને જણાવ્યું હતું કે દેશમાં કોઈપણ પ્રકારની રેલી, જુલુસ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યા છે.



વિદ્યાર્થી દેખાવકારો અને પોલીસ વચ્ચે થયેલી અથડામણમાં અત્યાર સુધીમાં ૧૦૫ લોકો માર્યા ગયા છે.તેમા ૫૨ મોત માત્ર રાજધાની ઢાકામાં શૂક્રવારે ગઈકાલે થયા હતા. પોલીસે દેખાવકારો પર ફાયરીંગ કર્યુ હતું અને ટીયરગેસનાં શેલ પણ છોડયા હતા.

દેશમાં ઈન્ટનેટ અને મોબાઈલ સેવા બંધ છે. પરિસ્થિતિ પર કાબુ મેળવવા માટે ૧૫ વર્ષથી સતામાં રહેલા વડાપ્રધાન શેખ હસીનાની સરકાર માટે આ એક મોટો પડકાર બન્યો છે.

કેટલાંય દિવસોથી ચાલુ હિંસાને રોકવા પોલીસની નિષ્ફળતા બાદ હવે સેનાને તૈનાત કરવી પડી છે. ખરેખર તો પોલીસ ઘણા દિવસથી દેશભરમાં ચાલુ હિંસાને રોકવામાં નિષ્ફળ ગઈ હતી. વિદ્યાર્થી દેખાવકારો અને પોલીસ વચ્ચેની અથડામણમાં અત્યાર સુધીમાં ૧૦૫ લોકો માર્યા ગયા છે. તેમાં ૫૨ લોકો તો માત્ર રાજધાની ઢાકામા માર્યા ગયા છે.

# કાર્યકાળ પુરો થાય તે પહેલાં જ UPSCના ચેરમેન સોનીએ રાજીનામુ ધરી દીધુ

## પોતાના નિર્ણય માટે અંગત કારણ અપાયુંઃ ઉમેદવારોના નકલી પ્રમાણપત્રના વિવાદ સાથે સંબંધ ન હોવાની સ્પષ્ટતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

યુનિયન પબ્લિક સર્વિસ કમીશનના અધ્યક્ષ મનોજ સોનીએ કાર્યકાળ પૂરો થાય એ પહેલા જ રાજીનામું દેતાં અનેક તર્કવિતર્ક થવા લાગ્યા છે. તેમણે પદ છોડતાં કહ્યું હતું કે હું મારા અંગત કારણોસર આ પદ છોડી રહ્યો છું.

ઉલ્લેખનીય છે કે, મનોજ સોનીનો કાર્યકાળ હજુ ૫ વર્ષ બાકી હતો. ૨૦૧૭માં તેઓ યુપીએસસીના સભ્ય બન્યા હતા અને ૧૬ મે ૨૦૨૩ના રોજ તેમને યુપીએસસીનું અધ્યક્ષ પદ સોંપાયું હતું.







સૂત્રો અનુસાર મનોજ સોનીએ લગભગ એક મહિના અગાઉ જ રાષ્ટ્રપતિને રાજીનામું સોંપી દીધું હતું. જોકે એ સ્પષ્ટ નથી કે તેમનું રાજીનામું સ્વીકારાશે કે નહીં. સૂત્રોએ પુષ્ટી કરી હતી કે તેમનો નિર્ણય યુપીએસી ઉમેદવારો નોકરી મેળવવા માટે ફેક પ્રમાણપત્રનો ઉપયોગ કરવા સંબંધિત તાજેતરના વિવાદ સાથે સંકળાયેલો નથી.

જૂન ૨૦૧૭માં યુપીએસસીમાં સામેલ થતા પહેલા મનોજ સોનીએ તેમના ગૃહ રાજ્યમાં બે યુનિવર્સિટીઓમાં ત્રણ કાર્યકાળ માટે કુલપતિ તરીકે ફરજ બજાવી હતી. તેમને ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી મોદી દ્વારા વડોદરાની એમએસ યુનિવર્સિટીના કુલપતિ બનાવાયા હતા.

# મોનસૂન સત્ર માટે સરકારની મોટી તૈયારી, ૬ બિલ રજૂ કરશે, લોકસભા અધ્યક્ષે બનાવી દીધી સમિતિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી અઠવાડિયે શરૂ થતાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ કાયદામાં સુધારો સહિત છ નવા બિલ રજૂ કરવામાં આવશે. ગુરુવારે સાંજે લોકસભા સચિવાલય દ્વારા જારી બુલેટિનમાં આ બિલની યાદી પ્રકાશિત કરવામાં આવી. ચોમાસું સત્ર ૨૨ જુલાઈથી શરૂ થઈને ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણ મંગળવારે કેન્દ્રીય બજેટ રજૂ કરશે. નાણા બિલની સાથે, સૂચિબદ્ધ અન્ય બિલોમાં ભારતીય વિમાન બિલ ૨૦૨૪, બોઈલર બિલ, કોફી (પ્રમોશન એન્ડ ડેવલપમેન્ટ) બિલ અને રબર (પ્રમોશન એન્ડ ડેવલપમેન્ટ) બિલનો સમાવેશ થાય છે. દરમિયાન લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ સંસદીય કાર્યસૂચિ નક્કી કરવા



માટે બિઝનેસ એડવાઇઝરી કમિટીની પણ રચના કરી છે.

લોકસભા અધ્યક્ષની અધ્યક્ષતાવાળી સમિતિમાં સુદીપ બંધોપાધ્યાય (ટીએમસી), પીપી ચૌધરી (ભાજપ), લવુ કૃષ્ણ દેવરાયલુ (તેદેપા), નિશિકાંત દુબે (ભાજપ), ગૌરવ ગોગોઈ (કોંગ્રેસ), સંજય જયસ્વાલ (ભાજપ), દિલેશ્વર કામત (જેડીયુ), ભર્તૃહરિ મહતાબ (ભાજપ), દયાનિધિ મારન (દ્રમુક), બૈજયંત પાંડા (ભાજપ), અર વદ સાવંત (શિવસેના-યુબીટી), કે.સુરેશ (કોંગ્રેસ), અનુરાગ ઠાકુર (ભાજપ) અને લાલજી વર્મા (સપા) સભ્ય બન્યા છે.

# વિશ્વના ટોચના ઉદ્યોગોને થંભાવી દેનાર માઈક્રોસોફ્ટની ખામી ૧૭ કલાકે દૂર થઈ

## દુનિયાભરની ૩૩૧૩૯ વિમાની સેવા થઈ પ્રભાવિતઃ લાખો કોમ્પ્યુટરો થયા ઠપ્પ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વની ટોચની ટેકનોલોજી કંપની માઈક્રોસોફ્ટના સર્વરમાં સર્જાયેલી ખામીથી આખુ વિશ્વ થંભી ગયાના ઘાટ ઘડાયા બાદ છેવટે ૧૭ કલાકની મહેનત બાદ રાત્રે સમસ્યાનો ઉકેલ આવ્યો હતો. માઈક્રોસોફ્ટ દ્વારા એવુ જાહેર કરવામાં આવ્યુ છે કે, ૧૭ કલાકે ખામી દુર કરી દેવામાં આવી છે.

ટેકનોલોજી કંપનીની સિસ્ટમમાં ખામીને પગલે દુનિયાભરમાં તીવ્ર પ્રત્યાઘાતો સર્જાયા હતા. ફલાઈટથી માંડીને રેલવે અને બેંકીંગથી માંડીને મોલ સુધીની સેવાઓ પ્રભાવીત થઈ હતી. ભારત પણ અમેરીકા,બ્રિટન, જર્મની, સ્પેન, સિંગાપોર, હોંગકોંગ, જેવા દેશોમાં અસર વધુ તીવ્ર હતી. આ ટેકનીકલ સમસ્યાને કારણે સમગ્ર દુનિયામાં ૩૩૧૩૯ ઉડ્ડયનો પ્રભાવીત થયા હતા અને ૩૭૫૦ ફલાઈટ રદ થઈ હતી.





અમેરિકામાં સૌથી વધુ ૭૮૮ ફલાઈટ ડેલ્ટા એરલાઈન્સની રદ થઈ હતી. જ્યારે એટલાંટા એરપોર્ટ પર સૌથી વધુ ૧૫૫ ફલાઈટ રદ કરવામાં આવી હતી. માઈક્રોસોફ્ટની ટેકનીકલ ખામીની અસર મુખ્યત્વે વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ ઉપયોગ કરતા કોમ્પ્યુટરમાં થઈ હતી. માઈક્રોસોફ્ટની ક્રાઉડ સ્ટ્રાઈક ફાયરવોલ સિસ્ટમ ઉપયોગ કરતાં કોમ્પ્યુટરોમાં થઈ હતી.

માઈક્રોસોફ્ટની ક્રાઉડ સ્ટ્રાઈક ફાયરવોલ સીસ્ટમ હોય તેવા કોમ્પ્યુટરોમાં સમસ્યા સર્જાઈ હતી.દુનિયાભરમાં તેનો પ્રત્યાઘાત પડયો હતો અને અરાજકતાની સ્થિતિ સર્જાઈ હતી. દુનિયાભરમાં લાખો કોમ્પ્યુટરો અચાનક ઠપ્પ થઈ ગયા હતા.પરીણામે ફલાઈટ શિડયુલ ખોરવાઈ ગયા હતા.બેન્કીંગ સીસ્ટમને ઝટકો લાગ્યો હતો.

રેલવે, આરોગ્ય, મીડીયા ક્ષેત્ર પણ પ્રભાવીત થયા હતા. કોર્પોરેટ જગતમાં પણ વતા-ઓછા અંશે અસર થઈ હતી. અમેરિકામાં તો સૌથી મોટી બીજા નંબરની ઈમરજન્સી સેવા પણ ખોરવાઈ હતી.

માઈક્રોસોફ્ટ દ્વારા એવુ જાહેર કરવામાં આવ્યુ છે કે, વિશ્વભરનાં ઉદ્યોગો પોતાના નેટવર્કને હેકરો તથા અન્ય ડખલગીરીથી બચાવવા માટે સાઈબર સિક્યુરીટી ફર્મ ક્રાઉડ સ્ટ્રાઈકના સોફટવેરનો ઉપયોગ કરે છે. કંપની આ સોફટવેરને અપડેટ કરી રહી હતી અને તેમાં ટેકનીકલ ખામી સર્જાતા આ સ્થિતિ સર્જાઈ હતી. કંપનીનાં સીઈઓ જયોર્જ કુર્ટએ કહ્યું કે, કંપની સોફટવેર અપડેટ કરી રહી હતી.વેબસાઈટ પર નિયમીત અપડેટ ચાલુ જ રહેશે.

# રૂ.૪૪,૦૦૦ કરોડના ટ્રાન્સમિશન પ્રોજેક્ટ વિલંબિત થવાની સંભાવના

## ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વીજ માંગ મેગાવોટના સંદર્ભમાં ૯% વધી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સમગ્ર મૂલ્ય શૃંખલામાં ક્ષમતા વધારાને ઝડપી બનાવીને વીજળીની અછતની કટોકટી દૂર કરવાની ભારતની યોજના અવરોધનો સામનો કરી રહી છે, જેમાં રૂ. ૪૪,૨૫૪ કરોડના રોકાણ સાથેના ૩૨ જેટલા ટ્રાન્સમિશન પ્રોજેક્ટ્સ વિલંબિત થવાની સંભાવના છે.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના ડેટા અનુસાર, એપ્રિલ ૨૦૨૪ સુધીમાં, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા અમલમાં મૂકાઈ રહેલા રૂ. ૬૦,૪૩૯ કરોડના ૫૦ મોટા પ્રોજેક્ટ્સમાંથી, રૂ. ૨૯,૩૦૦ કરોડના કુલ મૂલ્ય સાથેના ૧૮ પ્રોજેક્ટને પ્રતિકુળતાનો સામનો કરવો પડી રહ્યો



છે. ટેરિફ બેઝ્ડ કોમ્પિટિટિવ બિડિંગ રૂટ હેઠળ રૂ. ૮,૭૫૫ કરોડના કુલ મૂલ્ય સાથે રાજ્ય સંચાલિત એન્ટિટી દ્વારા બિડ કરાયેલા અન્ય ૮ પ્રોજેક્ટ્સમાં સરેરાશ ૧૨ મહિનાનો વિલંબ નોંધાઈ રહ્યો છે.

વિશ્લેષકો માને છે કે ટ્રાન્સમિશન-સિસ્ટમ પ્રોજેક્ટ્સમાં વિલંબ અને પુરવઠામાં બિનકાર્યક્ષમતા ૨૦૩૨ સુધીમાં દેશની વીજ ખાધને વધારી શકે છે. ટ્રાન્સમિશન પ્રોજેક્ટના અમલીકરણમાં વિલંબ નવી પેઢીની ક્ષમતાને બિનઅસરકારક બનાવશે.

સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટીના ડ્રાફ્ટ પ્લાન મુજબ, દેશને તેના ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસાવવા માટે ૨૦૨૭ સુધીમાં રૂ. ૪.૭૫ લાખ કરોડના રોકાણની જરૂર છે, જેમાં લાઇન, સબસ્ટેશન અને પ્રતિક્રિયાશીલ વળતરનો સમાવેશ થાય છે. આ યોજનામાં આંતર-રાજ્ય પ્રસારણ માટે રૂ. ૩.૧૩ લાખ કરોડ અને આંતર-રાજ્ય પ્રણાલીઓ માટે આશરે રૂ. ૧.૬૧ લાખ કરોડથી વધુની કુલ અંદાજિત કિંમત સાથે ૧૭૦ ટ્રાન્સમિશન યોજનાઓનો સમાવેશ થાય છે.

# જમ્મુમાં ૨૦ વર્ષ બાદ ફરી આતંકી સંગઠન જૈશ-એ-લશ્કર સક્રિય થયુંઃ ગલવાન હિંસાને કારણે સેના લડાખ ખસેડાયા બાદ આતંકીઓને મોકળુ મેદાન મળ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરના જમ્મુ વિસ્તારમાં ફરી એકવાર જૈશ અને લશ્કરના આતંકી નેટવર્ક સક્રિય જોવા મળી રહ્યા છે. પાકિસ્તાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આ સ્થાનિક નેટવર્કને સેના દ્વારા બે દાયકા પહેલા નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા.

વિશેષજ્ઞોનું માનવું છે કે ગલવાન હિંસા બાદ સેનાને લદ્દાખમાં ખસેડ્યા બાદ આતંકીઓને પોતાને સ્થાપિત કરવાનો મોકો મળ્યો છે. આ ઉપરાંત સેનાને નવા આતંકીઓમાં પાક સેનાના જવાનોની સંડોવણીના પુરાવા પણ મળ્યા છે.

જમ્મુ-કાશ્મીરના પૂર્વ ડીજીપી એસપી વૈદ્યે કહ્યું કે, કલમ ૩૭૦ હટાવ્યા બાદ પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈએ જમ્મુને નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે.

તેણે બે વર્ષમાં આ નેટવર્ક સક્રિય



કર્યું. તેમની મદદથી આતંકવાદીઓએ ૨૦૨૦માં પૂંચ અને રાજૌરીમાં સેના પર મોટા હુમલા કર્યા હતા. ત્યાર બાદ ઉધમપુર, રિયાસી, ડોડા અને કઠુઆને નિશાન બનાવવામાં આવ્યા હતા.

સેનાના નિવૃત્ત જનરલ દીપેન્દ્ર સિંહ હુડ્ડાનું કહેવું છે કે, ૨૦૨૦ સુધી જમ્મુ ક્ષેત્રમાં સુરક્ષા દળોની મોટી સંખ્યામાં તૈનાત કરવામાં આવ્યા હતા, પરંતુ ગલવાન એપિસોડ પછી ચીનની ગતિરોધનો જવાબ આપવા માટે, સેનાને અહીંથી હટાવીને લદ્દાખ ખસેડવામાં આવી હતી.

૨૦ વર્ષ પહેલા જ્યારે આ નેટવર્કને કડક કરવામાં આવ્યું હતું ત્યારે તેઓ આતંકવાદીઓને સામાન સપ્લાય કરતા હતા. હવે આ સંગઠનો તેમને ખાદ્યપદાર્થોથી લઈને શસ્ત્રો અને દારૂગોળો બધું પ્રદાન કરી રહ્યાં છે.

વાસ્તવમાં, ૨૫ શંકાસ્પદ લોકોની તાજેતરમાં ધરપકડ કરવામાં આવી હતી. તેની પૂછપરછ કરવામાં આવતા તેણે નેટવર્ક એક્ટિવ હોવાનું કબૂલ્યું હતું. જમ્મુ, રાજૌરી, પુંછ, રિયાસી, ઉધમપુર, કઠુઆ, ડોડા, કિશ્તવાડ, જમ્મુ અને રામબનના ૧૦ માંથી ૯ જિલ્લાઓમાં નેટવર્ક પ્રવૃત્તિ તીવ્ર હોવાનું કહેવાય છે.

કાશ્મીરની સરખામણીએ જમ્મુમાં વસ્તી ગીચતા ઓછી છે. ડુંગરાળ વિસ્તારને કારણે રોડ કનેક્ટિવિટી પણ મર્યાદિત છે. એટલા માટે આતંકીઓ સુધી પહોંચવામાં સમય લાગી રહ્યો છે.

સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર જેઓ રિયાસીમાં આતંકી હુમલા બાદ પકડાયા હતા. તેમની પાસેથી હથિયારો અને સેટેલાઇટ ફોન મળી આવ્યા હતા.

# વાંકાનેરના રહેણાંક મકાન નજીક ઈનોવા કારમાં વિદેશી દારૂનો વેપલો કરતો શખ્સ પકડાયો

## એલસીબી પોલીસે વિદેશી દારૂની ૧૫૬ બોટલ, કાર અને મોબાઈલ સહિત ૩.૭૨લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વાંકાનેરની સ્વપનલોક સોસાયટીમાં આરોપીના ઘર પાસે દરોડો પાડી ઇનોવા કારમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરતા એકને પકડી લેવામાં આવ્યો છે. જ્યારે વિદેશી દારૂના કાળા કારોબારમાં સંડોવાયેલ સુરેન્દ્રનગરના અન્ય એક આરોપીનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે એલસીબી પોલીસે દારૂનો જથ્થો, કાર તથા મોબાઇલ સહિતનો રૂ.૩.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં પ્રોહી. હેઠળ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.



મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્ક્વોડને સયુંક્તમાં ખાનગી રાહે હકિકત મળેલ કે વાંકાનેર મીલ પ્લોટ ફાટક પાસે સ્વપનલોક સોસાયટીમાં મુળરાજસિંહ નવલસિંહ ઝાલા પોતાના રહેણાંક મકાન સામે શેરીમાં ઇનોવા કાર નં. જીજે-૦૩-ઇઆર-૬૮૨૬માં ઇંગ્લીશ દારૂનો જથ્થો રાખી હેરાફેરી કરે છે. અને હાલ તે પ્રવૃતિ ચાલુ હોય જે ચોકકસ હકિકત આધારે રેઇડ કરતા ઇનોવા કારમાંથી અલગ અલગ બ્રાન્ડની ઇંગ્લીંશ દારૂની ૧૫૬ બોટલ કિ.રૂ. ૬૨,૪૦૦/- સાથે આરોપી મુળરાજસિંહ નવલસિંહ ઝાલા ઉવ.૪૨ રહે.હાલ વાંકાનેર સ્વપનલોક સોસાયટી મુળગામ વેગડવાવ તા.હળવદવાળો મળી આવતા તેની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પોલીસે દારૂનો જથ્થો, ઇનોવા કાર, મોબાઈલ માલી કુલ કિ.રૂ.૩,૭૨,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. દરોડા દરમિયાન પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં સુરેન્દ્રનગરના અન્ય એક આરોપી થોભણભાઈનું નામ ખુલવા પામતા એલસીબી પોલીએ વાંકાનેર પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશન ધારા તળે ગુનો નોંધાવી આગળની ધોરણસરની કાર્યવાહી કરેલ છે..

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેક સ્થળોએ મેઘરાજાનો પ્રકોપઃ કલ્યાણપુરમાં ૧૮ ઈંચ વરસાદથી વ્યાપક હાલાકી









**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લામાં સૌથી વધુ કલ્યાણપુરમાં સાંબેલાધારે ૧૮ ઈંચ વરસાદ મોટાભાગના વિસ્તારમાં મુશળધાર વરસાદના કારણે ભારે હાલાકીભર્યા દ્રશ્યો સર્જાયા હતા. જેમાં સૌથી વધુ ૧૮ ઈંચ વરસાદ સાથે કલ્યાણપુર તાલુકો કફોડી હાલતમાં મુકાઈ ગયો છે. આ ઉપરાંત દ્વારકામાં સાંજે બે કલાકમાં સાંબેલાધારે ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસી જતા ભારે હાલાકીભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા.કલ્યાણપુર તાલુકામાં ગતરાત્રે ૧૨ વાગ્યાથી આજે સવારે ૪ વાગ્યા સુધીમાં ધોધમાર ૭ ઈંચ વરસાદ પછી પણ ૬ ઈંચ સહિત કુલ ૧૮ ઈંચ જેટલો (૪૩૫ મી.મી.) વરસાદ ખાબક્યો હતો. ધોધમાર વરસાદના પગલે ગ્રામ્ય વિસ્તારોના અનેક માર્ગો બંધ થઈ ગયા હતા.કલ્યાણપુરમાં સાંબેલાધારે ૧૮ ઈંચ વરસાદ: એનડીઆરએફની ટીમનું આગમન

કલ્યાણપુરના ભારે વરસાદના કારણે બતડીયા, ભાટિયા, રાવલ, ધતુરીયા, ટંકારીયા, રાજપરા, વીગેરે ગામોમાં પણ આઠથી દસ ઈંચ વરસાદ હોવાનું જાણવા મળેલ છે. કલ્યાણપુર તાલુકાના અનેક ગામોના ભારે વરસાદના પગલે ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. તાલુકાના લીંબડીથી દ્વારકા વાયા ચરકલા જતે રસ્તે રેણુકા નદીમાં પુર આવતા આ રસ્તો કલાકો સુધી બંધ થઈ ગયો.હતો. ભાટિયાના કાલેશ્વર મહાદેવ પાસેના વિસ્તારોના અનેક મકાનમાં ત્રણ-ત્રણ ફૂટ પાણી ભરાઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. તાલુકાના હરીપર ગામ પાસે આવેલું એક તળાવ તૂટતા આ ધોધમાર વરસાદના પગલે હરીપર ગામથી પાનેલી તરફ જતા માર્ગે ઊર્જા વિભાગની એક બોલેરો પાણીના કાઢીયા માંથી પસાર થતી વખતે ધોધમાર વહેણના કારણે તણાવવા લાગી હતી. જો કે સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ ન હતી.ભારે વરસાદના પગલે લીંબડી - ચરકલા - દ્વારકા રોડ પર પાણી ફરી વળતા રસ્તો લાંબો સમય આ રસ્તો બંધ રહ્યો હતો. કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે આજરોજ ભારે વરસાદના કારણે સાવચેતીના પગલાં રૂપે એન.ડી.આર.એફ.ની ટીમનું આગમન થયું હતું અને તેમણે જરૂરી મોરચો સંભાળ્યો હતો.દ્વારકામાં આજે સાંજે આભ ફાટ્યું હોવાની સ્થિતિ સર્જાઈ હતી. ચાર થી છ વાગ્યે દરમિયાન ધોધમાર ૧૦ ઈંચ સાથે છેલ્લા પાંચેક કલાકમાં આશરે ૧૨ ઈંચથી વધારે વરસાદ પડતા દ્વારકા શહેર વરસાદી પાણીમાં ડૂબ્યું હોય તેવું ચિત્ર ખડું થયું હતું.દ્વારકાના મુખ્ય માર્ગો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. અનેક સ્થળે નીચાણવાળા ભાગોમાંથી તંત્ર દ્વારા લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. ઈસ્કોન ગેઈટ, ગુરુદ્વારા, તોતાદ્રી મઠ જેવા અનેક નીચાણ વાળા વિસ્તારોમાં રહેતા લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા હતા. જેથી તેઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દ્વારકામાં આજે સાંજે ૨૪ કલાક દરમિયાન ૧૩ ઈંચ જેટલો (૩૧૮ મી.મી.) વરસાદ નોંધાયો છે.ખંભાળિયા પંથકમાં મેઘરાજાએ જારી રાખેલા મુકામમાં ગતરાત્રિના બે ઈંચ બાદ આજે દિવસ દરમિયાન ધોધમાર પાંચ ઈંચ જેટલું પાણી વરસાવી દીધુંહતું આમ, ખંભાળિયા તાલુકામાં સાત ઈંચ (૧૬૫ મી.મી.) વરસાદ નોંધાયો છે. ખંભાળિયા તાલુકાના જામનગર પટ્ટીના વાડીનાર, ભરાણા વિગેરે ગામમાં ૮ થી ૧૦ ઈંચ વરસાદ વરસી ગયો હતો. જ્યારે ભાણવડ પટ્ટીના ગામોમાં ચારથી પાંચ ઈંચ વરસાદ વરસ્યાના વાવડ છે.ભાણવડ પંથકના ગતરાત્રિના એક ઈંચ વરસાદ બાદ દિવસ દરમિયાન ૬૦ મી.મી. પાણી પડી ગયું હતું. આમ, ભાણવડ તાલુકામાં ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં કુલ વરસાદન આંકડા દ્વારકા જિલ્લામાં સૌથી વધુ ખંભાળિયા તાલુકામાં ૩૮ ઈંચ (૯૪૪ મી.મી.), કલ્યાણપુર તાલુકામાં ૩૩ ઈંચ (૮૫૪ મી.મી.), દ્વારકા તાલુકામાં ૩૦ ઈંચ (૭૪૬ મી.મી.) અને ભાણવડ તાલુકામાં ૨૦ ઈંચ (૪૮૧ મી.મી.) વરસાદ વરસી ચૂક્યો છે. જિલ્લામાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૩૦ ઈંચ સુધી પહોંચ્યો છે.જિલ્લાના અનેક ગામોમાં રાત્રે ભારે વીજળીના ગગડાટ અવિરત રીતે રહ્યા હતા. પરંતુ ભગવાન દ્વારકાધીશે જાણે જિલ્લાની રક્ષા કરી હોય તેમ કેટલાક મકાન કે વીજ ઉપકરણોને નુકસાની બાદ કરતા કોઈ મોટી જાનહાની કે નુકસાની થઈ ન હતી. આ સાથે જિલ્લા પ્રશાસન પણ તમામ વ્યવસ્થા માટે અવિરત રીતે સક્રિય રહ્યું હતું.

# મોરબી જિલ્લા માહિતી કચેરીના સહાયક માહિતી નિયામકની ભુજ બદલી થતાં વિદાયમાન અપાયું

## ઘનશ્યામ પેડવાની તેમના વતનમાં બદલી થતાં જિલ્લા માહિતી પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા માહિતી કચેરી ખાતે સહાયક માહિતી નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી ઘનશ્યામ પેડવાની જિલ્લા માહિતી કચેરી ભુજ (કચ્છ) ખાતે બદલી થતાં મોરબી જિલ્લા માહિતી કચેરી દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી.



વર્ષ ૨૦૧૯ માં ૨૪ જુલાઈના રોજ મોરબી જિલ્લા માહિતી કચેરીમાં કચેરીના વડા તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા શ્રી ઘનશ્યામ પેડવા ભુજ માહિતી કચેરી ખાતે સિનિયર સબ એડિટર તરીકે કાર્યરત હતા. આ સમયગાળા દરમિયાન માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા લેવામાં આવેલ સહાયક માહિતી નિયામકની પરીક્ષામાં પાસ થતા તેમની મોરબી જિલ્લા માહિતી કચેરી ખાતે સહાયક માહિતી નિયામક તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આમ જોતા સહાયક માહિતી નિયામક તરીકે તેમનું મોરબી પ્રથમ પોસ્ટિંગ હતું. મોરબી ખાતે પાંચ વર્ષની નોકરી પૂરી કર્યા બાદ શ્રી ઘનશ્યામ પેડવાની તેમના વતનમાં કચ્છ ખાતે બદલી થતાં માહિતી પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવી લાગણીસભર વિદાયમાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કે મેરામેનશ્રી ભરતભાઈ ફુલતરીયા, માહિતી મદદનીશશ્રી બળવંતસિંહ જાડેજા, સિનિયર ક્લાર્કશ્રી એ.પી. ગઢવી, ફોટોગ્રાફર પ્રવીણભાઈ સનાળિયા તેમજ અન્ય સ્ટાફમાં કિશોરપરી ગોસ્વામી, જયેશભાઈ વ્યાસ અને અજયભાઈ મુછડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનામાં ગુમ થયેલા ૧૧ મોબાઈલ પોલીસે શોધી કાઢ્યા

## રૂા.૨ લાખના મોબાઈલ શોધી મુળ માલિકને પરત કરાયાઃ સરાહનિય કામગીરી

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

જુનાગઢ રેન્જ ડી.આઇ.જી.પી. નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી ઉના વિભાગ ઉના નાઓના આદેશ તથા ઉના પોલીસ સ્ટેશન થાણા અધિ. પોલીસ ઇન્સ્પેકટર એમ.એન.રાણા નાઓની સુચના તથા ઉના ઉત્તર ટાઉન ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ. એચ.એલ.જેબલીયા નાઓના માર્ગદર્શન મુજબ હાલના સમયમાં જાહેર જનતાના મોબાઇલ ગુમ થવાના કે પડી જવાના અથવા ખોવાય જવાના બનાવો વધુ પ્રમાણ માં બનતા હોય જે અનુસંધાને જરૂરી કાર્યવાહી કરી અરજદારશ્રીઓને તેમના મોબાઇલ ફોન પરત અપાવવા બાબતે કર્તવ્યશીલ કાર્યદક્ષતા અન્વર્ય



ઉના પોલીસ સ્ટેશનમાં ખુબજ ખંત અને મહેનત નિષ્ઠાપુર્વક ફરજ બજાતા એ.એસ.આઇ. જગદિશભાઇ લઘરાભાઇ વાઘેલા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી જગદિશભાઇ રામસીંગભાઇ બાંભણીયા તથા પોલીસ કોન્સ્ટેબલશ્રી સુનીલભાઇ કેશવભાઇ બાંભણીયા તથા ના.પો.અધિ.સા.ઉના ખાતે ફરજ બજાવતા પો.હેડ કોન્સ દર્શિતભાઇ ભાણાભાઇ પરમાર નાઓએ સંયુક્ત મળી અદ્યતન ટેક્નોલોજી વડે નીચે મુજબના કુલ મોબાઇલ નંગ-૧૧ કિંમત રૂપિયા ૦૨,૧૦,૫૧૫/-ના શોધી આપી જે તે સ્થિતિમાં મુળ અરજદારશ્રીઓને સુપ્રત કરેલ છે.

# મોરબીના રામધન આશ્રમના મહંત ભાવેશ્વરી માઁ દ્વારા ગુરુ અને ગુરુ-પૂર્ણિમાના મહત્વ વિશે ખાસ સંદેશ

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

'કે મને જીણા જીણા સુર સંભળાય
એ હાલોને ગુરુજીના દેશમાં'

મોરબી સહિત દેશમાં ગુરુ પૂર્ણિમાના દિવસનું ખાસ મહત્વ હોય છે. ત્યારે ભારતીય સનાતન સંસ્કૃતિમાં અષાઢ સુદ પૂર્ણિમાનો દિવસ એટલે ગુરુ-પૂર્ણિમા. ગુરુના માહિમાની વાત કરવામાં આવે તો 'લઘુતામાંથી ગુરુતા તરફ લઈ જાય' તેને સદગુરુ કહેવામાં આવે છે. ધાર્મિક દ્રષ્ટિએ જોઈએ તો શૂન્યમાંથી સર્જન કરનાર અને કોરી પાટીમાં જ્ઞાનરૂપી અક્ષરો લખનાર સદગુરુ છે. સામાજિક દ્રષ્ટિએ જોઈએ તો આપણા જીવનમાં આપણને જે સારી વસ્તુ જાણવા મળે, સારું જ્ઞાન મળે તેમજ આપણામાં સારા સંસ્કારોનું સિંચન કરે તેને ગુરુ કહેવાય છે તે દ્રષ્ટિએ માનવીના જીવનની પહેલી ગુરુ હોય તો તે આપણી જન્મ દેનારી જનેતા છે. એમ કહેવાય કે આધ્યાત્મિક, સામાજિક અને શૈક્ષણિક સ્થાને જે કોઈ કાઈ આપણને વસ્તુ વિષયક જ્ઞાન આપે તેને ગુરુ કહેવામાં આવે છે.ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરામાં ગુરુ અને ગુરુના તત્વનું તેમજ ગુરુદેવનું વિશેષ મહત્વ છે. તેથી ગુરુ સર્વોચ્ચ સ્થાન પર છે. ભારતીય ધાર્મિક પરંપરા પ્રમાણે ગુરુદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. આથી જ 'ગુરુપૂર્ણિમા' ના પર્વનું વિશેષ મહત્વ છે. ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુની પૂજા, ચરણસ્પર્શ અને યથાશક્તિ ભેટ એ ગુરુપૂર્ણિમાનો મહાભાવ છે. આ મહાપર્વમાં ગુરુ પ્રત્યેનું આપણું ઋણ અદા કરવાનો પવિત્ર પર્વ છે કારણ કે ગુરુ સદાએ શિષ્યના કલ્યાણ માટે વિચારતા હોય છે. અને શિષ્ય એમની કૃપા થકી જીવનને ધન્ય ધન્ય બનાવી શકે છે.





ત્યારે મોરબીના રામધન આશ્રમના મહંત પૂજ્ય ભાવેશ્વરી ગુરુમાઁ દ્વારા ગુરુ પૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે સંદેશ આપતા જણાવે છે કે સૌ કોઈ લઘુતાગ્રંથિ છોડી દઈ ગુરુતા તરફ પ્રયાણ કરો અને આ ભારત દેશ વિશ્વગુરુ બને તેવી પ્રાર્થના તેમજ મારા અને તમારામાંથી ઈર્ષા, અભિમાન, કામ, ક્રોધ, મદ મોહનો નાશ થાય અને જીવનમાં સારા સદગુણોનો વિકાસ થાય.

# મોરબીમાં વીજળી, પાણી, સિંચાઈ, ટ્રાફિકની સમસ્યા તેમજ વરસાદી પાણીના નિકાલ વગેરે મુદાઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

## સંકલન બેઠકમાં પ્રજાની સમસ્યાઓને સમય મર્યાદામાં નિવારવા જીલ્લાકલેક્ટર દ્વારા આદેશ કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક જીલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઇ હતી.

આ બેઠકમાં રાજ્યસભાના સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, કાંતિભાઈ અમૃતિયા, પ્રકાશભાઈ વરમોરા, જીતુભાઈ સોમાણી તેમજ મેઘજીભાઈ ચાવડા સહિતના પદાધિકારીઓ દ્વારા વીજળી, પાણી, સિંચાઈ, વાંકાનેર સર્કિટ હાઉસ બનાવવા, વાંકાનેરમાં પીજીવીસીએલની નવી ઓફિસ બનાવવા, જિલ્લામાં ટ્રાફિકની સમસ્યા નિવારવા, નેશનલ હાઇવે પર વરસાદી પાણીના નિકાલ, પાક વીમાની ચુકવણી બાબતે તેમજ વાંકાનેર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં પૂરતા મહેકમ બાબત અંગેના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.



આ પ્રશ્નો અંગે જરૂરી સમીક્ષા કરી જીલ્લા કલેકટર દ્વારા સંબંધિત વિભાગોને સમય મર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા તેમજ પ્રજાને પડતી સમસ્યાઓને પણ તાત્કાલિક ધોરણે નિવારવા સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, નાયબ વન સંરક્ષક ચિરાગ અમીન, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, વાંકાનેર પ્રાંત અધિકારી સિદ્ધાર્થ ગઢવી, મોરબી પ્રાંત અધિકારી સુશીલ પરમાર, હળવદ પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરીયા સહિત જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ કચેરીઓના વડા ઉપસ્થિત રહ્યા હતાં.

# મોરબીમાં ૪૬ વર્ષીય પરિણીતા ઘરેથી ચાલ્યા જતાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સાવસર પ્લોટ શેરી નં.૩/૮માં રહેતા 'આશાપુરા કૃપા' માં રહેતા ૪૬ વર્ષીય પરિણીતા પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા જતા તેમના પતિ દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મોરબીઃ ૩/૮ સાવસર પ્લોટ શ્રીઆશાપુરા કૃપામાં રહેતા યુવરાજસિંહ બળવંતસિંહ જાડેજા ઉવ.૫૫ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસમાં ગુમસુધા ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે યુવરાજસિંહના પત્ની શીતલબા જાડેજા ગત તા.૧૯ મે ૨૦૨૪ના રોજ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધીમાં ઘરેથી કોઈને કાઈ કહ્યા વગર ઘરેથી ચાલ્યા ગયા હતા. જેથી પતિ યુવરાજસિંહ દ્વારા ઘરમેળે સગાવ્હાલા તથા પરિચિતોમાં તપાસ કરતા આજદિન સુધી શીતલબા જાડેજાના કોઈ સગડ ન મળતા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે ગુમસુધા એન્ટ્રી કરી શોધખોળ શરૂ કરી છે.

# મંત્રી રાઘવજીભાઈ પટેલે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જામનગર, રાજકોટ તથા જૂનાગઢ જિલ્લાની ચાંદીપુરા વાયરસ તથા અતિવૃષ્ટિની સ્થિતિ અંગેની સમીક્ષા કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્યના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌ સંવર્ધન, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર કચેરી ખાતે જામનગર, રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં ચાંદીપુરા વાયરસ અને અતિવૃષ્ટિની સમીક્ષા કરવા અંગે વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.રાજ્યમાં અત્યારે ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસો સામે આવ્યા છે. તેને પગલે સમગ્ર રાજ્યમાં આરોગ્ય વિભાગ અને જિલ્લા વહીવટી વડાઓ દ્વારા તમામ તકેદારીના પગલા લેવામાં આવ્યા છે. તેમજ આ શંકાસ્પદ કેસોના નિવારણ માટે રાજ્ય સરકાર દ્વારા ''ઝીરો કેઝયુઆલિટી'' નું વલણ અપનાવવામાં આવ્યું છે.વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કેબિનેટ મંત્રીએ





રાજકોટ જિલ્લા કલેકટર અને જૂનાગઢ જિલ્લા કલેકટર સાથે સંવાદ સાધ્યો હતો અને બંને જિલ્લાની વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. હાલમાં રાજ્યમાં વાદળછાયું વાતાવરણ હોવાને પગલે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તેથી દૂરના વિસ્તારોમાં કોઈ મુશ્કેલી ના સર્જાય, સાધન- પુરવઠો સમયસર મળી રહે, નાગરિકો સંપર્ક વિહોણા ના બને તે માટે તમામ જરૂરી પગલાં તાત્કાલિક ધોરણે લેવા માટે કૃષિ મંત્રીએ બંને જિલ્લા કલેકટરશ્રીને ખાસ સૂચના આપી હતી.

રાજકોટ જિલ્લા કલેકટર અને જૂનાગઢ જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે જિલ્લાના આરોગ્ય કર્મચારીઓને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે અને તમામ સરકારી અને ખાનગી આરોગ્ય સંસ્થાઓને એકસૂત્ર કરાયા છે. તેમજ અતિવૃષ્ટિના પગલે જે વિસ્તારો સંપર્ક વિહોણા બન્યા છે ત્યાં એન.ડી.આર.એફ.ની ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે અને જરૂરી હોય ત્યાં તાત્કાલિક રીતે નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવશે. ચાંદીપુરા વાયરસ અંગે લોકોમાં જાગૃતિ વધે તે હેતુથી પૂરતો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે અને નાગરિકોને સચેત કરવામાં આવ્યા છે. તેમજ અતિવૃષ્ટિને પગલે નીપજેલા નુક્સાનીનો પ્રાથમિક સર્વે હાલમાં ચાલુ છે. ઉક્ત સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટર બી.કે.પંડયા, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

# મહારાષ્ટ્રમાં ભાજપ સરકારે યુવાનો માટે લાડલા સ્કીમ શરૂ કરી, તો ગુજરાતમાં કેમ નહિ? આમ આદમી પાર્ટી

## ગુજરાતના યુવાનોને બરોજગારી ભથ્થું તથા મહિલાઓને સન્માન નિધિ આપવા બાબતે આમ આદમી પાર્ટીના નેતા દ્વારા સરકારને વેધક સવાલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી આમ આદમી પાર્ટીના યુવા નેતા પંકજ રાણસરિયા દ્વારા પ્રેસ યાદી પ્રસિદ્ધ કરી ગુજરાત સરકારને અમુક વેધક સવાલો કરવામાં આવ્યા છે. જેમાં દેશના અલગ અલગ રાજ્યોમાં કે જ્યાં ભાજપની સરકાર છે ત્યાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓને, બેરોજગાર યુવાનોને તેમજ મહિલાઓને સન્માન નિધિ સ્વરૂપે રોકડા રૂપિયા આપવામાં આવે છે તો ગુજરાત રાજ્યમાં આવી યોજના કેમ ચાલુ નથી કરતા? આ સાથે યુવા નેતા દ્વારા વિવિધ માંગણીઓ પણ જાહેર કરી લોકો સમક્ષ મુકવામાં આવી હતી.



મોરબી આમ આદમી પાર્ટીના યુવા નેતા દ્વારા પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર મહારાષ્ટ્રની ભાજપ સરકારની લાડલા યોજના અંતર્ગત ધોરણ ૧૨ પાસ ને ૬૦૦૦, ડિપ્લોમા કરેલ વ્યક્તિને ૮૦૦૦ અને દરેક ગ્રેજ્યુએટ થયેલા વ્યક્તિને ૧૦૦૦૦ રૂપિયા પ્રતિ માસ ચૂકવવામાં આવશે. આ પહેલા મહારાષ્ટ્ર સરકારે ૨૧ થી ૬૦ વર્ષની મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા આપવાની પણ જાહેરાત કરી હતી. જ્યારે મધ્યપ્રદેશમાં પણ ભાજપ સરકાર લાડલી યોજના ચલાવી રહી છે, જે અંતર્ગત મહિલાઓને દર મહિને ૧૨૦૦ થી લઈને ૩૦૦૦ રૂપિયા સુધીની સહાય મળે છે. ત્યારબાદ રાજસ્થાનમાં ભાજપ સરકાર ૪૫૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપે છે.

વધુમાં ગુજરાતમાં જ્યારે પણ આમ આદમી પાર્ટીએ યુવાનોને બેરોજગારી ભથ્થું આપવાની વાત કરી અને મહિલાઓને પણ મહિલા સન્માન રાશિ આપવાની વાત કરી ત્યારે ભાજપના નેતાઓએ આ યોજનાઓને રેવડી કહીને ગુજરાતના લોકોનું અપમાન કર્યું હતું. ભાજપ સરકારને ગુજરાતમાં લોકોએ ૩૦ વર્ષથી ખોબલેને ખોબલે વોટ આપ્યા તો શા માટે ભાજપને ગુજરાતના યુવાનો અને મહિલાઓ પ્રત્યે કોઈ લાગણી નથી?

ત્યારે મોરબી આમ આદમી પાર્ટીના યુવા નેતા પંકજ રાણસરિયા દ્વારા વિવિધ માંગણી કરવામાં આવી છે જેમાં ગુજરાતની માતા બહેન દીકરીઓને દર મહિને મિનિમમ ૧,૫૦૦ થી ૩૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે. તથા ૧૨ પાસ યુવાનોને ૬૦૦૦, ડિપ્લોમા પાસને ૮૦૦૦ અને ગ્રેજ્યુએટ યુવાનને ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ માસ ચૂકવવામાં આવે. આ સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે કે તેઓ ગુજરાતના લોકોને બેરોજગારી ભથ્થું અને આર્થિક સહાયતાની રાશી આપવા માંગો છો કે નહીં? અને જો નથી આપવા માંગતા તો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં ભાજપ સરકાર જે પૈસા આપી રહી છે તે રેવડી છે કે નહિ?

# કોઠારિયા વિસ્તારની નવી ટી.પી.સ્કીમને લઈ રહેવાસીઓએ કર્યો વિરોધ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના કોઠારિયા વોર્ડ નં.૧૮માં આવેલ ટી.પી.સ્કીમ નંબર ૩૦ને લઈ આજે આ વિસ્તારની ૨૨ સોસાયટીના લોકોએ વિરોધ વ્યક્ત કર્યો હતો. તેઓએ આ સંદર્ભે મનપાના સ્ટે.ચેરમીન એક આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, કોમન પ્લોટમાં ટી.પી.ડ્રાફટ મુજબ જે ફાળવણી કરવામાં આવી છે તે રદ કરી સોસાયટીના રહેવાસીઓ માટે એક કોમન પ્લોટની ફાળવણી કરવામાં આવે. વધુમાં ટી.પી.સ્કીમ ૩૦ અંતર્ગત જે યોજના જાહેર કરેલ છે. તે રદ કરી પ્રજાના હીટને ધ્યાનમાં લઈ નવેસરથી ટી.પી.સ્કીમ નં.૩૦ બનાવવામાં આવે.

# જસદણમાં નવનિર્માણ પામેલાં બાલાજીધામ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની વિશેષ ઉજવણી કરાશે

## અષાઢ મહિનામાં પૂર્ણ ચંદ્રનો દિવસ (જૂન–જુલાઈ) ગુરુ પૂર્ણિમા તરીકે ઓળખાય છે

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**

**જસદણ:** જસદણના વિછીયા રોડ ઉપર આવેલ નવનિર્માણ થઈ રહેલ બાલાજી ધામ આશ્રમ ખાતે અનંત વિભૂષિત શ્રી ૧૦૦૮ જગતગુરુ ગર્ગાચાર્ય પીઠાધિશ્વર શ્રી મહેન્દ્રાનંદગિરીજી મહારાજ (શ્રીપંચ દશનામ જુના આખડા) સૌ પ્રથમ પહેલી વાર જગતગુરુ બન્યા પછી જસદણ મુકામે ગુરુપૂર્ણિમા નિમિત્તે ભવ્ય કાર્યક્રમ તેમજ સન્યાસી દીક્ષા મહોત્સવ યોજાશે સંતો મહંતો ઉપસ્થિત રહેશે ગુરુપૂર્ણિમા ના દિવસે એકી સાથે ૧૦૮ લોકો દીક્ષા લેશે તેમજ તારીખ ૨૦/૦૭/૨૦૨૪ ૨૧/૦૭/૨૦૨૪ ના રોજ નવનિર્માણ થઈ રહેલ શ્રી બાલાજી ધામ જસદણ ખાતે રાત્રે ૯:૦૦ કલાકે ભવ્ય ભજન સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે

૨૧/૦૭/૨૦૨૪ ભવ્યતિથિ ભવ્ય ગુરુપૂર્ણિમા ની ઉજવણી સૌપ્રથમ



પહેલી જ વાર જસદણ ના આંગણે સૌથી નાની વયના બનેલા જગતગુરુ વિભૂષિત શ્રી ૧૦૦૮ જગતગુરુ ગર્ગાચાર્ય પીઠાધિશ્વર મહેન્દ્રાનંદગિરીજી મહારાજ હજારો હરિભક્તો ની ભીડ થશે

સબ ધરતી કાગજ કરું, લેખિની કરું વનરાય, સાત સમુંદર કી મસિ કરું, પર ગુરુગુન લિખા ન જાય. આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે મહામંડલેશ્વર મહેન્દ્રા નંદગીરીજી મહારાજે જણાવ્યું હતું કે આજે દામોદર ઘાટ પાસે આવેલ મુચકુંદ ગુફા ખાતે જેટલા સંસારી લોકોએ સંસાર છોડી સન્યાસી યાત્રા અને નવા જીવનની શરૂઆત કરવામાં સનાતન ધર્મની સેવામાં પોતાનું જીવન અર્પણ કર્યું છે. અત્યાર સુધીમાં અહી મારા સાનિધ્યમાં ૫૦૦ થી વધુ લોકોએ દીક્ષા ગ્રહણ કરી સનાતનની સેવામાં લાગેલા છે.

સનાતન ધર્મ હિન્દુ સંસ્કૃતિમાં ગુરુનો અનેરો મહિમા છે. આજના દિવસે સંસારી જીવનમાં જે લોકોએ ઉમદા વ્યક્તિને ગુરુ માન્યા હોય અને ગુરુ ધારણ કર્યા હોય ગુરુ મહિમાની વાત કરતા વધુમાં જણાવ્યું હતું કે ગુરુ મતલબ જ થાય છે અંધકારને દૂર કરનાર, ગુ એટલે અંધકાર અને રૂ એટલે પ્રકાશ . જે અજ્ઞાનતાના અંધકારને દૂર કરી અને જ્ઞાનનો પ્રકાશ જીવનમાં ભરી દે એ ગુરુ છે. આપણા જીવનમાં જ્યારે પ્રાર્થના કરવામાં આવે ત્યારે ત્રણ વ્યક્તિનું ખૂબ જ મહત્વ રહેલું છે. જેમાં માત પિતા અને ગુરુ . ભૌતિક જીવન જીવતા જે મનુષ્ય અવતાર મળ્યો છે ત્યારે મુક્તિના માર્ગ માટે વ્યક્તિને જેના તરફ આકર્ષણ થાય જે જ્ઞાન આપી શકે તેવા ગુરુને ધારણ કરતો હોય છે.

ગુરુ ગોવિંદ દોનું ખડે કિસકું લાગું પાય, બલિહારી ગુરુદેવ કી ગોવિંદ દિયો બતાય.

આ તમામ લોકોને દીક્ષા જુના અખાડાના મહામંડલેશ્વર અને મુચકુંદ ગુફાના મહંત મહેન્દ્રાનંદગીરી મહારાજના માર્ગદર્શન હેઠળ ૫૦૦ વધુ જેટલા સાંસારિક જીવનનો ત્યાગ કરી સંન્યાસનો પથ અપનાવ્યો હતો. જે લોકોને દીક્ષા આપવામાં આવી હતી. તે લોકોનું તેનું પિંડદાન કરાવવામાં આવ્યું હતું માત પિતા અને કોડ નું સ્વયમ. પિંડદાન કરતાની સાથે જ તેઓનો નવો જન્મ થયો હોવાનું પોતે એક નવો ભેખ ધારણ કરે જણાવવામાં આવ્યું હતું અને તેઓની નામકરણ વિધિ પણ કરાવવામાં આવી હતી આ તમામ સંસારીઓ એ પોતાનું મૂળ નામ અને પોતાનો પરિવારનો ત્યાગ કર્યો હતો.

# સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો દ્વારા ચલાવાતી ફીની લૂંટના પગલે NSUIએ આપ્યું આવેદન

**મુખ્ય સમાચાર રાજકોટ**

ભારતીય જનતા પાર્ટી દ્વારા ભૂતકાળમાં ચૂંટણીલક્ષી લોભામણી જાહેરાતો કરીને ગુજરાતની પ્રજાને એક આશા બાંધીને એ આશાઓ તોડવાનું કામ ભાજપની સરકારે કરેલું કારણકે, રાજ્ય સરકાર દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે ગુજારતની કોઈપણ સેલ્ફ ફાયનાન્સ શાળામાં ૧૫૦૦૦/ ૨૫૦૦૦ની સ્લેબ મુજબ ફી લેવામાં આવશે પણ ત્યાર પછી આ વાત માત્ર કાગળ ઉપર રહી હતી. ત્યારબાદ સેલ્ફ ફાયનાન્સ એશોસિએશન દ્વારા ભારતીય જનતા પાર્ટીને ફંડમાં મોટા ફિંગર આપી ગુજરાતની પ્રજાને લુટવાનો પરવાનો મેળવી લીધો ? એનએસયુઆઈએ આ બાબતે વિરોધ કરી જિલ્લા શિક્ષણાધિકારીને



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આવેદનપત્ર આપ્યું હતું.

આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે જિલ્લા શિક્ષણ અધિકારી તરીકે પ્રથમ અને નૈતિક જવાબદારી થાય છે કે સૌરાષ્ટ્ર ઝોનની એફઆરસી (ફી રેગ્યુલર કમિટી) હાલમાં કાર્યરત ન હોય તો આપની પ્રથમ ફરજ બને છે કે નવા સભ્યોની નિમણૂક કરીને જે શાળાઓ વાલીઓને ફીના નામે ઉઘાડી લૂંટ ચલાવે છે. તેના ઉપર અંકુશ લાવવામાં આવે એવી અમારી માંગ છે.

માત્ર કાગળ ઉપર એફઆરસી કમિટીએ આજ દિન સુધી સૌરાષ્ટ્રની એકપણ પ્રાઈવેટ શાળામાં કડક કાયદાકીય કાર્યવાહી અનુસાર પગલા લેવામાં આવ્યા હોય તેવો એકપણ દાખલો અમારા ધ્યાને આવેલ નથી જો આપના ધ્યાનમાં હોય તો અમને જણાવો. અન્યથા આપશ્રીને અમે છ દિવસનો સમય આપીએ છએ આ બાબતે યોગ્ય કરશો અન્યથા જ્યાં પણ પ્રાઈવેટ શાળામાં મંજૂરી વગર આ પ્રકારના ઉઘરાણા થતાં હશે ત્યાં એનએસયુઆઈ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને સાથે લઈ સ્થળ પર જઈ આંદોલનના મંડાણ થશે જેની સંપૂર્ણ જવાબદારી રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારીની રહેશે.

આપ તથા આપની કચેરી દ્વારા કોઈ દિવસ સ્કૂલોમાં જઈને આ મુદ્દે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હોય તો અમને જણાવો અન્યથા આગામી સમયમાં આવી શાળાઓ પર જઈને વાલીઓ અને વિધર્થીઓ સાથે જઈને મીડિયા સાથે હલ્લાબોલ કરવામાં આવશે.

# કર્મયોગ મંદિર દ્વારા ગુરુપૂર્ણિમાની ગરીમા પૂર્ણ ઉજવણી સાથે કર્મજ્ઞાન પર વ્યાખ્યાન માળા યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ઇવનિંગપોસ્ટ, જ્યુબેલી બાગ પાસે ડોક્ટર રાજીવ મિશ્રા સંચાલિત કર્મયોગ મંદિર દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ આવતીકાલે રવિવારેગુરુપૂર્ણિમાની ગરીમા પૂર્ણ ઉજવણી કરાશે આ શુભ પ્રસંગે ડોક્ટર રાજીવ મિશ્રા દ્વારા કર્મજ્ઞાન પર સુંદર વ્યાખ્યાન માળા યોજાશે સવારે સાત થી નવ કલાક દરમિયાન કર્મયોગ આરતી, આશીર્વચન, પ્રાર્થના સહિતના સુંદર કાર્યક્રમ યોજાશે આ ભક્તિ સભર



કાર્યક્રમમાં પધારવા સાધક ભાઈ બહેનોને હાર્દિક નિમંત્રણ કર્મયોગ મંદિર દ્વારા પાઠવવામાં આવ્યું છે વધુ વિગત તેમજ કર્મજ્ઞાન અંગેના વૃફતિંફા માં જોડાવા ડૉ. રાજીવ મિશ્રા ખ ૮૫૧૧૮૨૯૦૦૨ નો સંપર્ક કરવો

# મવડી ઓવરબ્રિજ પર પડેલાં ગાબડા તાત્કાલીક બુરો : કોંગી અગ્રણી જાગૃતિબેન ડાંગર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી ઓવરબ્રિજ પર ઘણા સમયથી મોટા ગાબડા પડેલ છે. જેને કારણે ભવિષ્યમાં કોઈ મોટો અકસ્માત થાય તે પહેલા આ ખાડા તાત્કાલીક રીપેર કરવામાં આવે તેવી માંગ વોર્ડ નં.૧૩ના પૂર્વ નગરસેવિકા જાગૃતિબેન ડાંગરે મ્યુનિસિપલ કમિશનર સમક્ષ કરી હતી. વધુમાં તેઓએ કમિશનરને આપેલા આવેદનમાં એ વાતમાં જણાવી હતી કે વોર્ડ નં.૧૩ના રામનગર અંબાજી કડવા પ્લોટ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

સહિતના વિસ્તારમાં ડી.આઈ.પાઈપ લાઈનનું કામ ચાલુ હોય ત્યાં પણ માટી બેસી જવાને કારણે ખાડા પડેલ છે. જેનું પણ સમારકામ કરવામાં આવે.

# જસદણ તાલુકાના ગોડલાધાર ખાતે આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરા વાયરસ અંગે જનજાગૃતિ સેમિનાર યોજાયો

## સરપંચ, મામલતદાર, આરોગ્ય અને અન્ય વિભાગના સ્ટાફની ઉપસ્થિતિમાં ગ્રામજનોને માર્ગદર્શન અપાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરા વાયરસના લક્ષણો અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે ઠેર ઠેર માર્ગદર્શન આપવામાં આવે છે. જે અન્વયે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ગોડલાધાર ગામ ખાતે ચાંદીપુરા વાયરસ અંગે જનજાગૃતિનું આયોજન કરાયું હતું.

આરોગ્ય વિભાગના સ્ટાફે જણાવ્યું હતું કે, આ વાયરસના ફેલાવા માટે સેન્ડ ફ્લાય વાહક જવાબદાર છે. વાયરસના ઇંફેક્શન ૯ માસથી લઇને ૧૪ વર્ષ સુધીના બાળકોને વધુ અસર કરે છે જેમાં બાળકોને સખત તાવ આવવો,ઝાડા થવા, ઉલ્ટી થવી, ખેંચ આવવી, બેભાન થવું સહિતના લક્ષણો જોવા મળે છે. આ વાયરસથી બચવા ૧૪ વર્ષ સુધીના બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવડાવવું, શક્ય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધુળમાં) રમવા ન દેવા અને શરીરે આખા કપડા પહેરવા, સામાન્ય તાવની હોય તો ડોક્ટરનો સંપર્ક કરવો અને યોગ્ય સારવાર લેવી સહિતની બાબતોથી ગ્રામજનોને માહિતગાર કર્યા હતા.

આ સેમિનારમાં ગામના સરપંચશ્રી અશોક એમ. ચાંવ, જસદણ મામતદારશ્રી એમ.ડી દવે, આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ, આશા વર્કર બહેનો, શાળાના શિક્ષકો, ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજી પંથકમાં ત્રણ–ત્રણ ગામોના વરસાદી પાણીના ભારે વહેણમાંથી સગર્ભાને જહેમતપૂર્વક હોસ્પિટલે પહોંચાડતા સ્થાનિકો

## ત્રણ ગામોના સરપંચ અને વહીવટી તંત્રની મહેનતથી ધોરાજી – ઉપલેટાના કલાણા, કાથરોટા, સમઢીયાળા ગામના પાણીના વહેણમાં રસ્તાના અંદાજ માટે ટ્રેકટરની મદદ લેવાઈ, ત્રણ કલાકની સતત મહેનત બાદ ૧૦૮ નું સફળ ઓપરેશન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધોરાજી અને ઉપલેટા પંથકમાં અનરાધાર ૧૫ ઇંચ જેટલા વરસાદના કારણે ચોતરફ પાણી ફરી વળ્યાં છે, તેવી સ્થિતિમાં ધોરાજીનું કલાણા ગામ પાણીના વહેણના કારણે સંપર્કથી વિખૂટું પડી ગયું હતું. આ પરિસ્થિતિમાં રસ્તા પર વાહનો ચલાવવા અતિ મુશ્કેલ બની ગયા હતાં તે સમયે કલાણા ગામની ૨૦ વર્ષીય સગર્ભા વનીતાબેન મહેન્દ્રભાઈને પ્રસુતિની પીડા ઉપડતા આજે સવારે ૧૦૮ બોલાવવામાં આવી હતી.

અનરાધાર વરસાદ અને પાણીના ભારે વહેણના કારણે સગર્ભાને લેવા ૧૦૮ ગામમાં પહોંચે એ સમયે જ આ સગર્ભાને હોસ્પિટલ સુધી લઈ જવામાં વચ્ચે આવતા તમામ ગામોના રસ્તા પર પાણીના વહેણ ફરી વળતા એમ્બ્યુલન્સ રોડ વચ્ચે ફસાઈ ગઈ હતી.

આ મુશ્કેલીની વેળાએ દર્દીને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા રેસ્ક્યુ ઓપરેશન કરવું પડે તેમ હોઈ



ધોરાજી મામલતદારને જાણ કરવામાં આવી હતી. જેઓએ ગામના સરપંચ સાથે ચર્ચા કરી ૧૦૮ ને યોગ્ય રસ્તે બહાર લાવવા ગામના સરપંચને જણાવાયું હતું.

આ સમયે ગ્રામજનોએ ટ્રેકટરની મદદથી રસ્તાનો અંદાજ કાઢી પાણી કેટલા ફૂટ રસ્તા પર વહે છે અને વહેણનું જોર કેટલું છે તે જાણ્યા બાદ પાછળ પાછળ ૧૦૮ એમ્બ્યુલન્સ ચલાવવામાં આવી હતી.

ત્યાર બાદ આગળના ગામ ઉપલેટાના કાથરોટાની પણ આજ પરિસ્થિતિ હતી. રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા હોઈ આ તકે ઉપલેટા મામલતદાર મદદે આવ્યા હતાં. તેઓએ સરપંચને જાણ કરી ગામના અન્ય રસ્તે ૧૦૮ બહાર નીકળે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાથરોટા ગામમાંથી સલામત બહાર નીકળ્યા બાદ સમઢીયાળા ગામે પણ પાણીના વહેણ રસ્તાઓ પર ફરી વળ્યાં હતાં. આ તકે મામલતદારે પોતે જ દોરડા બાંધી વહેણ વચ્ચે એમ્બ્યુલન્સ સુધી પહોંચી દર્દીની ખબર લીધી હતી. તેમજ જરૂર પડ્યે જે.સી.બી. માં દર્દીને લઈ જવા તૈયારી દર્શાવી હતી. પરંતુ દર્દીને કોઈપણ પ્રકારનું જોખમ ના લેવાની સ્થિતિમાં અન્ય રસ્તે એમ્બ્યુલન્સ આગળ વધારી ત્રણ કલાકની જહેમત બાદ ૧૦૮ ઉપલેટા સબડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ પહોંચી હતી.

૧૦૮ ના પ્રોજેક્ટ મેનેજર શ્રી ચેતનભાઈ ગાધેએ આ સમગ્ર ઘટના અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, સવારના ૯ થી બપોરના ૧૨ વાગ્યા સુધીના ઘટનાક્રમ દરમ્યાન સગર્ભાની તબિયત અંગે સતત માર્ગદર્શન મેળવવામાં આવી રહ્યું હતું. ટીમ દ્વારા વિડીયો કોલ કરી જરૂરી સારવાર આપવામાં આવી રહી હતી. જરૂર પડ્યે એમ્બ્યુલન્સમાં જ પ્રસુતિ માટે ટીમ તૈયાર રાખવામાં આવી હતી. પરંતુ મુશ્કેલીના આ સમયમાં મહિલાને સતત હિંમત પુરી પાડતી ટીમ હોસ્પિટલ સુધી દર્દીને સુખરૂપ પહોંચાડવા સફળ રહી હતી. સગર્ભાને સલામતીપૂર્વક ઉપલેટા ખાતે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અહીં તેઓની તપાસ બાદ સંપૂર્ણ સ્વસ્થ હોવાનું ડોક્ટર્સ દ્વારા જણાવાયું છે.આ તકે કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ઉપલેટા મામલતદાર એમ.ટી. ધનવાણી, નાયબ મામલતદાર મહેશ ડરંગીયા અને ધોરાજી મામલતદારશ્રી એ.પી.જોશી, પોલીસ વિભાગ દ્વારા રેસ્ક્યુ ઓપરેશનમાં માનવીય મદદ કરી હતી. કલેક્ટરશ્રીએ ૧૦૮ અને ધોરાજી તેમજ ઉપલેટાની વહીવટી તંત્રની સમગ્ર ટીમને આ તકે અભિનંદન પાઠવ્યા છે.

ચોમાસાની ઋતુમાં ખુબ જ કઠિન પરિસ્થિતિમાં પણ ૧૦૮ એમ્બ્યુલન્સ સમયસર પહોંચી ઇમર્જન્સીમાં દર્દીને સધિયારો પૂરો પાડવાનું શ્રેષ્ઠ ઉદાહરણ આ તકે પૂરું પાડ્યું છે.

# મોરબી શહેરમાં બાઈક ઉપર સ્ટંટ કરતા યુવકને શોધી કાયદાનું ભાન કરાવતી જીલ્લા ટ્રાફિક પોલીસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ટ્રાફિક પોલીસે વધુ એક બાઇક ઉપર જોખમી સ્ટંટ કરતા યુવકને ઝડપી લેવાયો હતો. જેમાં મોરબીના મયુરબ્રિજની ફૂટપાથ ઉપર બાઇક સાથે જોખમી સ્ટંટ કરતો વિડીયો વાયરલ થયો હતો જે વિડીયોના આધારે યુવકને શોધી લઈ તેની સામે ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પકડાયેલ સ્ટંટમેન આરોપી પ્રોહી., જુગાર, ધાક-ધમકી આપવી જેવા અલગ અલગ છ કેસમાં પોલીસ ચોપડે તેનું નામ નોંધાવી ચુક્યો છે.



મોરબી જીલ્લામાં ટ્રાફિક નિયમોનુ ચુસ્તપણે પાલન થાય અને ટ્રાફિક નિયમોનુ ઉલ્લંઘન કરતા વાહન ચાલકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અન્વયે મોરબી ટ્રાફીક શાખાના પીઆઇ કે.એમ.છાસીયાના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક શાખા ટીમ ટ્રાફિક નિયમનની કામગીરીમાં કાર્યરત હતા જે દરમ્યાન સોશ્યલ મીડીયા પેઇઝમાં બાઇક ઉપર જોખમી સ્ટંટ કરતો વિડીયો વાઇરલ થયો હતો. જે વિડીયો જોતા જેમાં મયુરબ્રીજના ફુટપાથ ઉપર એક ઈસમ પોતાનુ નંબર પ્લેટ વગરનુ બાઇક ફુટપાથ ઉપર ચલાવતો હોવાનો વિડીયો વાયરલ થયેલ હોય ત્યારે ઉપરોક્ત વાઇરલ વીડિયોને આધારે યુવકની અને બાઇકની ઓળખ માટે તપાસ હાથ ધરતા બાઇક રજી. નં. જીજે-૩૬-એડી-૫૧૦૮ હોય અને તે બાઇક ઉપર સ્ટંટ કરનાર આરોપી કિરીટ બાબુભાઇ અગેચણીયા ઉવ.૨૪ રહે. વીસીપરા, અગેચણીયા વાડી વિસ્તાર, અમરેલી રોડ, મોરબી-૦૨ હોવાનું સામે આવતા તુરંત તેની અટકાયત કરી તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા ધુંવાવ ગામ ખાતે કુપોષિત બાળકોને પોષણ કીટ અર્પણ કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્યના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌ સંવર્ધન, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બાળકોને પોષણ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર તાલુકાના ધુંવાવ ગામમાં આંગણવાડી કેન્દ્ર અને નંદ ઘરમાં અભ્યાસ કરતા ૮ જેટલા અતિ કુપોષિત બાળકોને કેબિનેટ મંત્રીના હસ્તે પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે કૃષિમંત્રી જામનગર જિલ્લાના અતિ કુપોષિત અને કુપોષિત બાળકોને સ્વખર્ચે પોષણ કીટનું વિતરણ કરે છે. આ પોષણ કીટમાં ખજૂર, મગ,



માંડવી, ઘી, પ્રોટીન પાવડર, રાગીના બિસ્કીટ્સ, દાળિયા વગેરે પોષણક્ષમ આરોગ્યપ્રદ ફૂડ આઈટમ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી અતિ કુપોષિત અને કુપોષિત બાળકોનો શારીરિક વિકાસ વધે અને તેમની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.કૃષિમંત્રીએ ઉપસ્થિત સર્વેને તેમના બાળકોની નિયમિત આરોગ્ય ચકાસણી કરાવવા, આંગણવાડીની વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકો ભાગ લે, તેમને પ્રોત્સાહન પૂરું પાડવા, બાળકોને જંક ફૂડની બદલે પોષણક્ષમ આહાર આપવા માટે ખાસ અપીલ કરી હતી.કાર્યક્રમ દરમિયાન લોક આગેવાન કુમારપાલસિંહ રાણા, મુકુંદભાઈ સભાયા, ગિરિરાજસિંહ જાડેજા, ધુંવાવ ગ્રામ સરપંચ, આજુબાજુના ગામમાંથી પધારેલા આગેવાનો, લાભાર્થીઓ, બાળકો, આંગણવાડીના કાર્યકર બહેનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નશામાં ધુત કારચાલક નબિરાએ સીપી કચેરી પાસે અકસ્માત સર્જયો

## પરિવાર સાથે નીકળેલા યુવાનની કારને પાછળથી બે વખત ટક્કર મારી ભાગેલી ત્રિપુટીનો ફિલ્મી ઢબે પીછો કરી ઝડપી પાડયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પોલીસ કમિશ્નર કચેરી પાસે ત્રણ નબીરાઓએ એક પરિવારની કારને બે વખત ઠોકર મારી અસ્માત સર્જી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે અકસ્માત સર્જીને ભાગેલા આ ત્રણ નભીરાઓનો ફિલ્મી ઢબે પીછો કરી યુવાને સર્કીટ હાઉસ પાસે કારને રોકાવી પોલીસને જાણ કરી હતી. આ મામલે પ્ર.નગર પોલીસે આ ત્રણેય નભીરાઓને પોલીસ સ્ટેશને લઈ જઈ જરૂરી કાર્યવાહી કરી હતી. યાજ્ઞિક રોડ પર રહેતા એક પરિવાર પોતાની બ્રેઝા કાર નં. જીજે ૦૩.એનએફ.૨૩૬માં રેસકોર્ષ રીંગ રોડ પરથી પસાર થતો હતો. બહુમાળી ભવન ચોક તરફથી યાજ્ઞીક રોડ



તરફ જતી વખતે પોલીસ કમિશ્નર કચેરી ખાતે પાછળથી આવેલી જીજે.૦૬.જેએમ ૨૦૮૭ નંબરની અમેઝ કારે આ પરિવારની કારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આટલું ઓછું હોય તેમ હજુ યુવાન પોતાની કાર ઉભી રાખે તે પૂર્વે જ બીજી વખત અમેઝકારના ચાલકે પાછળથી બ્રેઝા કારને ટક્કર મારી દીધી હતી અને અકસ્માત સર્જીને પોલીસ કમિશ્નર કચેરી તરફથી ભાગ્યો હતો જેનો બ્રેઝા કારના ચાલકે ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. પારસી અગિયારી ચોક થઈ કાર સર્કીટ હાઉસ નજીક રોકી દેવામાં આવી હતી. અમેઝ કારમાં અસ્માત સર્જનાર ત્રણ શખ્સો બહાર નીકળ્યા હતાં અને બ્રેઝા કારના ચાલક સામે ઝઘડો કરવા લાગ્યા હતાં. આ મામલે યુવાનના પિતાએ તાત્કાલીક પોલીસ કંટ્રોલને જાણ કરી દીધી હતી. અને થોડી જ વારમાં પ્ર.નગર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. અકસ્માત સર્જનાર આ ત્રણ નબિરાઓ ચીક્કાર દારૂ પીધેલા હોવાનો આક્ષેપ બ્રેઝા કારના ચાલકે પોલીસ સમલ કર્યો હતો અને કારની તલાસી લેવા માટે ૪૦૧ જણાવ્યું હતું. ફિલ્મી ઢબે અકસ્માત સર્જનાર આ નબીરાઓને પ્ર.નગર પોલીસ મથકે લાવવામાં આવ્યા હતાં અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# નાના મૈવા રોડ પર જય ભીમનગરમાં જુગાર રમતા છ ઝડપાયા

## અંકુરનગરમાં જુગાર રમતી ત્રણ મહિલા સહિત આઠ અને સંજયનગરમાં છ જુગારીઓની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના નાના મૈવા રોડ પર આવેલ જય ભીમનગરમાં અને અંકુરનગર તથા સંજયનગરમાં પોલીસે અલગ-અલગ ત્રણ દરોડો પાડી જુગાર રમતી મહિલાઓ સહિત વીસ પત્તા પ્રેમીઓની ધરપકડ કરી એક લાખથી વધુ મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ચૌહાણ, હરપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ કાલાવડ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નાના મૈવા ચોક પાસે જય ભીમનગર શેરી-૨માં રહેણાંક મકાનમાં ચાલતા જુગારના અખાડા પર દરોડો પાડતા જુગાર રમતો બાબુ લક્ષ્મણ વઘેરા, આજીવસાહત પાસે આવેલ ખોડિયારનગરમાં રહેતો



હાજી ઈસ્માઈલ જુણેજા, યુનુસ ઈલિયાસ જાનિયા નિલકંઠ પાર્ક દેવપરામાં રહેતો ફેજલ આરીફ ગલરીયા, મારૂતિનંદનનગરમાં રહેતો અલ્પેશ રમણિકલાલ ગોટેચા, મોચીબજાર કોર્ટ પાસે રહેતો પ્રેમજી ચંદુ ચૌહાણ સહિત છ શખ્સોની ધરપકડ કરી રોકડ તથા મોબાઈલ મળી કુલ રૂ.૬૧૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

જ્યારે અન્ય એક દરોડામાં માલવિયાનગર પોલીસ મથકના પીએસઆઈ ડી.એસ.ગજેરા સહિતના સ્ટાફે અંકુરનગર મેઈન રોડ પર ભોલેનાથ સોસાયટીમાં દરોડો પાડી જુગાર રમતી ઉષા અમિત પતરીયા, ભારતી રતીલાલ જરીયા, દક્ષા નેમીસ પતરીયા, નેરામ પ્રવિણ વીરમ લાબરીયા, જયદીપ પુંજા લાબરીયા, યશ સંજય પાંઉ, જયદિપ હિતેષ મુળીયા સહિત આઠ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૧૩૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જ્યારે થોરાળા પોલીસના એએસઆઈ રાજેશભાઈ મેર સહિતના સ્ટાફે સંતકબીર રોડ પર આવેલ ગોકુલ આવાસ યોજનાની સામે સંજયનગર શેરી નં-૨માં જાહેરમાં ચાલતા જુગાર પર દરોડો પાડી જુગાર રમતો સંજય માધા દેદાણીયા, મુકેશ માધા દેદાણીયા, સાગર ચંદુ ડાભી, અજીત અશોક સાકરીયા, દેવરાજ જેરામ કુકવાવા, વિપુલ રણછોડ દેદાણીયા સહિત છ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૧૨,૨૮૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ધ્રોલના સુમરા ગામે વીજળી માથે પડતા શ્રમિક દંપતિનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધ્રોલ-જામનગર, ખંભાળિયા વિસ્તારમાં વિજળીના કડાકા ભડાકાઓ થઈ રહ્યા હતાં અને આ કડાકા સાથે વરસાદ પણ તુટી પડયો હતો. ત્યારે ધ્રોલ તાલુકાના સુમરા ગામે વાડીમાં રહી ત્યાં જ મજુરી કામ કરતા શ્રમિક દંપત્તિ પર વિજળી પડતા બન્નેના ગંભીર રીતે દાઝી જવાથી ઘટના સ્થળે મોત નિપજ્યા હતાં. આ ઘટનાની અરેરાટી મચી જવા પામી છે. તાલુકા ના સુમરા ગામે જયેશભાઈ સવજીભાઈ ઉમરેટીયા ની વાડીમાં ખેત મજુર કામ કરી અને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગુરુવારે સાંજના સાત થી આઠ વાગ્યાની વચ્ચે અવકાશી આફત રૂપે દંપતી પર વીજળી પડતા પતિ પત્નીના



મળત્યુ નીપજ્યા હતા . ખેત મજૂર દંપતિઓ રમાબેન મગનભાઈ ભુરીયા ઉંમર વર્ષ ૩૭ અને મગનભાઈ ભુરીયા ઉંમર વર્ષ ૪૦ બંનેના મૃત્યુ થયા હતા ધ્રોલમાં મેઘરાજાની દ્રરુપ તોફાની ગાજવીજ સાથે સાંજના છ થી રાતના દસ વાગ્યા સુધીમાં અઢી ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. ધ્રોલ અને આસપાસ વિસ્તારમાં વીજળીના પ્રચંડ કડાકા ભડાકા સાથે મેઘ તાંડવ સર્જાયું હતુ.

# સુરેન્દ્રનગરના ઝીંઝુવાડા ગામે વેપારીને છરીના ઘા ઝીંકી રૂા.૪૦ હજારની લૂંટ

## બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો લૂંટ ચલાવી ફરાર થઈ ગયાઃ વેપારીને સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના ઝિંઝુવાડા પોલીસ મથક ની નજીકમાં વેપારી ઉપર છરી થી હુમલો કરી અને બાઈક ઉપર આવેલા બે લૂંટારો ૪૦,૦૦૦ રોકડ રકમ અને ચાંદીના સિક્કા તેમજ મોબાઇલની લૂંટ ચલાવી અને ફરાર થઈ ગયા છે. વેપારીને છરીઓથી ઘાયલ થયેલ હોવાના કારણે તાત્કાલિક અસરે ૧૦૮ ને જાણકારી આપવામાં આવતા ઘટના સ્થળ ઉપર પહોંચી અને વેપારીને હાલમાં વિરમગામ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.



આ અંગેની માહિતી મુજબ કરિયાણાની દુકાન ચલાવતા જગદીશભાઈ ભાવસાર નામના વ્યક્તિ ઉપર પોતાની દુકાન મંગલી કરી અને પોતાના ઘરે જઈ રહ્યા હતા તેવા સમયે ઝિંઝુવાડા પોલીસ મથક ની નજર નજીક અને શાક માર્કેટની બરાબર પાસે બાઈક ઉપર બેલ ઉતારું આવ્યા હતા અને ઉતરી અને સીધી જ છરી કાઢી અને વ્યાપારી જગદીશભાઈ ભાવસાર ઉપર હુમલો કરી અને તેમની પાસે રહેલી થેલી થેલીમાં રહેલી ૪૦ હજારની રોકડ રકમ અને ચાંદીના પાટડી તાલુકાના ઝિંઝુવાડા ગામ ખાતે સિક્કા અને મોબાઈલની લૂંટ ચલાવી અને લોકો જોવે તે રીતે પલવારમાં પ્લાયન થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. ઘાયલ થયેલા જગદીશભાઈ ભાવસારને તાત્કાલિક અસરે વિરમગામ ખાતે ખાનગી હોસ્પિટલમાં ૧૦૮ ના માધ્યમ થકી સારવાર માટે ખસેડી અને પરિવારજનોને જાણકારી આપવામાં આવતા ઝીંઝુવાળા પોલીસ મથકમાં અંગેની ફરિયાદ પણ નોંધાવવા માં આવેલ છે ત્યારે પોલીસ તંત્રને સુરેન્દ્રનગર જિલ્લામાં જાણે તે ગુનેગારોએ પડકાર ફેંક્યો હોય તેવી ઘટનાઓ સામે આવી છે અને ત્રણ લૂંટની ઘટનાઓ બની છે.ત્યારે પોલીસ તંત્ર કયા કેવા પ્રકારની કામગીરી કરે છે તે પણ લોકોમાં એક ચર્ચા તો વિષય બન્યો છે અને પોલીસ તંત્ર નિષ્ક્રિય હોવાનું સરેઆમ જનતામાં ચર્ચાઈ રહ્યો હોવાનું પણ સામે આવ્યું છે ત્યારે હજુ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ગામે પાંચ કિલો ચાંદીની લૂંટના આરોપીઓના કોઈપણ પ્રકારના સગડો હજુ સુધી પોલીસ મેળવી શકી નથી.

# વાંકાનેરના રંગપર પાસે અકસ્માતમાં ઘવાયેલા રાજકોટના યુવાનનું સારવારમાં મોત

## ત્રણ દિવસ પૂર્વે માલ ભરવા જતા સમયે બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો તો; એકના એક પુત્રના મોતથી પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર તાલુકાના રંગપર નજીક ટ્રક અકસ્માતમાં ઘવાયેલા રૈયાધારના યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્રણ દિવસ પૂર્વે ટ્રક લઇ માલ ભરવા જતો હતો ત્યારે અન્ય ટ્રક સાથે અકસ્માત સર્જાતા તેને ઇજા થઈ હતી. આ બનાવથી એકના એક પુત્રના મોતથી પરિવારજનોમાં ગમગીની છવાઇ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ જાણવા



મળતિ વિગત મુજબ રૈયાધાર વિસ્તારમાં રામાપીર મંદિર પાસે રહેતા અને ટ્રક ચલવાતો રવિ ઉર્ફે કાળુ પરસોત્તમભાઈ બેરડીયા (ઉ.વ.૩૨)નામનો યુવાન ગત તા.૧૬ના રોજ ટ્રક લઇ વાંકાનેર તરફ માલ ભરવા માટે જતો હતો. ત્યારે વાંકાનેરના રંગપર ગામે અન્ય ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં રવિને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે પ્રથમ વાંકાનેર બાદ અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે, બે દિવસની સારવાર કારગત ન નીવેડતા આજે સવારે તેનું હોસ્પિટલના બિછાને મોત નીપજ્યું હતું. આ અંગે વાંકાનેર તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક એકનો એક ભાઈ હોવાનું અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# ધ્રોલ એસ.ટી. ડેપોમાં ડુપ્લીકેટ મુસાફર પાસ કાઢવાનું કારસ્તાન ઝડપાયું

## ડેપોનો કર્મચારી નકલી પાસ કાઢતો હોવાથી તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધ્રોલ એસ.ટી ડેપોમાં ડુપ્લીકિટ મુસાફર પાસ કાઢવાનું કૌભાંડ ઝડપાયું છે. ડુપ્લીકિટ પાસના પ્રકરણને લઈને ધ્રોલ સહિત જામનગર એસટી વિભાગમાં ચકચાર મચાવી દિધો છે. ધ્રોલ થી મોરબી જતી બસમાં ચેકીંગ દરમિયાન મુસાફરનો પાસ શંકાસ્પદ લાગતાં ચેકીંગ ટીમ દ્વારા તપાસ કરતાં પાસ ડુપ્લીકિટ હોવાનુ જાણવા મળ્યું હતું. જે મુસાફરી પાસ ધ્રોલ ડેપોમાંથી કાઢ્યો હોવાથી ત્યાં સઘન તપાસ કરતાં ત્યાંનો કર્મચારી ડુપ્લીકિટ પાસ કાઢતો હોવાનુ સામે આવ્યું છે. ધ્રોલ થી મોરબીના રૂટની બસમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં એસટીની સિક્યુરિટી ટીમ દ્વારા ધ્રોલ થી મોરબી જતી બસને ભેસદડ ચોકડી



પાસે રોકી ચેકીંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન મુસાફર પાસેથી ડુપ્લીકિટ પાસ મળી આવતા પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછ દરમિયાન મુસાફરે પાસ ધ્રોલ એસટી ડેપો માંથી કઢાવ્યો હોવાનુ જણાવ્યું હતું. આથી ચેકીંગ ટીમ દ્વારા પાસની ખરાઈ કરતાં મુસાફરી પાસ ડુપ્લીકિટ હોવાનું માલુમ પડયું હતું. જેથી ધ્રોલ ડેપો મેનેજર એસટી સિક્યુરિટી સહિતની ટીમો દ્વારા ધ્રોલ ડેપોમાં સઘન તપાસ હાથ ધરાઇ હતી જેમાં ડેપોમાં પાસ કાઢતાં શૈલેષ સંઘાણી નામના કર્મચારીની સઘન પૂછપરછ કરાઈ હતી. ત્યારે શૈલેષ સાંગાણી નામના વ્યક્તિએ ડુપ્લીકિટ પાસ કાઢી હોવાનું સ્વીકાર્યું હતું. અને ડુપ્લીકેટ પાસ પ્રકરણમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ શરૂ કરાઈ છે. ડુપ્લીકિટ પાસ કેવી રિતે કાઢતો અત્યાર સુધીના કેટલાં આવા બોગસ પાસ કાઢ્યા અને કેટલાં સમયથી આ કાંડ શરૂ છે તે દિશામાં સઘન પૂછપરછ હાથ ધરાઇ છે. તેમજ જામનગર એસટીના વડા ધ્રોલ દોડી આવ્યા હતા અને તપાસ આરંભી હતી. તાત્કાલિક અસરથી કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને કર્મચારી વિરુદ્ધ ફરિયાદની તજવીજ હાથ ધરી હતી.

# વામ્બે આવાસના કવાર્ટરમાં મૈત્રી કરારથી સાથે રહેતા યુગલ પર પાંચ શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વામ્બે આવાસ કવાર્ટરમાં મૈત્રી કરારથી રહેતા યુગલ ઉપર જૂની અદાવતમાં પાંચ શખ્સોએ ધોકા પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુગલને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા વિજયપરી ભીખુપરી ગોસ્વામી (ઉ.વ.૪૭) અને તેની સાથે મૈત્રી કરારથી રહેતી મંજુબેન કિશોરભાઈ પરમાર (ઉ.વ.૪૨) રાત્રિના બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતા ત્યારે જૂની અદાવતનો ખાર રાખી વશરામ ચાવડીયા, તેનો પુત્ર કાનો ચાવડીયા અને ટકી ચાવડીયા સહિતના શખ્સોએ ઝઘડો કરી ધોકા-પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે યુગલને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું.

# જેતપુરના પેઢલા ગામે હાઈ-વે પર બે આખલાની લડાઈમાં બાઈક સ્વાર દંપતિ ઘવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર તાલુકાના પેઢલા ગામ પાસે હાઈવે ઉપર બે ખૂટ્યાં બાધતા બાંધતા અચાનક હાઈવે ઉપર આવી જતા મોટરસાયકલ ઉપર જતું એક દંપતી તેમની હડફેટે ચડી જતા બંને ઈજાગ્રસ્ત થતાં બંનેને જેતપુર સરકારી દવાખાને ખસેડેલ છે

રાજકોટ થી ઝાંઝમેર પોતાના વતન રમેશભાઈ વાઘેલા અને તેમના પત્ની મોટરસાયકલ ઉપર હાઈવે ઉપર જઈ



રહ્યા હતા ત્યારે પેઢલા ગામ પાસે અચાનક બે ખૂટ્યાઓ લડાઈ કરતા કરતા હાઇવે ઉપર આવી ગયા અને આ દંપત્તિને કે જે મોસાયકલ ઉપર જતા હતા તેમને હાઈવે ઉપર પછાડી દીધા હતા રમેશભાઈ તથા તેમના પત્નીને હાથે પગે માથામાં વગેરે જગ્યાએ ઈજા થતાં જેતપુરના સરકારી દવાખાને ખસેડવામાં આવે છે જેતપુર અથવા આજુબાજુમાં આવી રીતે રખડતા ઢોરના ખૂબ જ મોટો ત્રાસ છે ગયા વર્ષે પણ હાઈવે ઉપર ભેંસ આડી ઉતરતા ચાર વાહનો એકબીજા સાથે અથડાયા હતા.

# સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર શખ્સને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

## માર્કેટિંગ યાર્ડમાં કામ કરતી સગીરાને લલચાવી ફોસલાવી હવસનો શિકાર બનાવી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લલચાવી ફોસલાવી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું. જોશીએ કરેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ શહેરમાં બેડી માર્કેટિંગ યાર્ડમાં કામ કરતી સગીરાનું અપરણ કરી દુષ્કર્મ આચરવાના કેસમાં અદાલતે આરોપીને છેલ્લા શ્વાસ સુધીની સજા ફટકારી આરોપી પક્ષે ભોગ બનનાર સગીરાનું બોગસ જન્મ પ્રમાણપત્ર કોર્ટમાં રજૂ કરવા મુદ્દે તપાસનો આદેશ આપ્યો છે.

આ કેસની હકીકત મુજબ શહેરમાં રહેતી ૧૬ વર્ષની સગીરા બેડી માર્કેટિંગ યાર્ડમાં આવેલી દુકાનમાં કામ કરતી હતી ત્યારે તેની સાથે દુકાનમાં કામ કરતા ગાંધીગ્રામ વિસ્તારના શાસ્ત્રીનગરમાં રહેતા મેહુલ મહેશભાઈ લાઠીયા નામના શખ્સે સગીરાને આ અંગે ભોગ બનનાર સગીરના પરિવારે આરોપી મેહુલ લાઠીયા વિરુદ્ધ કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે આરોપી મેહુલ મહેશ લાઠીયાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા મળતા તપાસ અધિકારીએ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. ચાર્જશીટ બાદ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા ભોગ બનનાર, ફરિયાદી, તબીબ અને તપાસ અધિકારીની જુબાની તેમજ બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ અતુલભાઈ ગ્રાહ્ય રાખી સ્પે. પોકસો કોર્ટના ન્યાયાધીશ જે.ડી. સુથારે સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપી મેહુલ મહેશભાઈ લાઠીયાને કુદરતી રીતે જીવે ત્યાં સુધી છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે. અને સરકારી વકીલની ઉલટ તપાસમાં આરોપી પક્ષે ભોગ બનનાર સગીરાનું બોગસ જન્મ પ્રમાણપત્ર કોર્ટમાં રજૂ કર્યાનું સામે આવતા અદાલતે બોગસ જન્મ પ્રમાણપત્ર અંગે તપાસનો આદેશ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ અતુલભાઈ જોષી રોકાયા હતા.

# રાજકોટ બસ પોર્ટમાં દાગીના ભરેલો થેલો લઈ ફરાર થયેલો તસ્કર ઝડપાયો

## એ.ડિવિઝન પોલીસે અમરેલીના શખ્સની ધરપકડ કરી ૭૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એ ડીવીઝન પોલીસે બસપોર્ટમાંથી દાગીના ભરેલો થેલો ચોરી જનાર અમરેલીના શખ્સને દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખી ૭૭ હજારનો મુદામાલ કબજે કર્યો છે.

ગોંડલના મહિલા પ્રસંગ અર્થે ખંભાત જતા હોય રાજકોટ બસપોર્ટ ઉપર બસની રાહ જોઈને ઉભા હતા ત્યારે બાળક રડતું હોય બાજુમાં બેઠેલા ભાઈને થેલાનું ધ્યાન રાખવાનું



કહી બાળકને પાણી પીવડાવવા લઇ ગયા હતા પરત આવ્યા ત્યારે તે શખ્સ થેલો લઈને ભાગી ગયો હોય ચોરી અંગે એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી દરમિયાન પીઆઈ આર જી બારોટ અને ટીમે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી હતી ત્યારે સીસીટીવીમાં કેદ થઈ ગયેલો શખ્સ બસપોર્ટ પાછળ બાઈક અને શંકાસ્પદ થેલા સાથે ઉભો હોવાની માહિતી આધારે દોડી જઈ સકંજામાં લઈ થેલો ચેક કરતા ચોરીમાં ગયેલ સોનાનું મંગળસૂત્ર, સોનાની એક વીટી મળી આવતા નામઠામ પૂછતાં પોતે અમરેલીના સાવરકુંડલા તાલુકાના બાઢળા ગામનો ધર્મેશ ઉર્ફે ધમો હિંમતભાઈ બાંભણીયા ઉ.૨૧ હોવાનું જણાવતા તેની ધરપકડ કરી દાગીના, બાઈક, રોકડ સહિત ૭૭ હજારનો મુદામાલ કબજે કર્યો હતો પ્રાથમિક પુછતાછમાં બે માસ પૂર્વે અમદાવાદમાં પણ એક મહિલાની દાગીના ભરેલી બેગ ચોરી કર્યાની કબૂલાત આપી હતી આ શખ્સ અગાઉ ખેડા રેલ્વે પોલીસમાં ચોરીના ગુનામાં પકડાઈ ચુક્યો છે.

# રેલનગરના યુવાનને સાસુ-સસરાએ ત્રાસ આપતા ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

## પોલીસે મૃતક યુવાન પાસેથી મળી આવેલી સ્યુસાઇડ નોટના આધારે તપાસ હાથ ધરી ગુનો નોંધવા તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતા નવપરિણિત યુવાને હું આત્મ હત્યા કરું છું તેનું કારણ મારા સાસુ-સસરા છે' તેવી સ્યુસાઈડ નોટ લખી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે. સાસુ- સસરા છોટાછેડા માટે દબાણ કરી રૂપિયા પાડવા માંગતા હોય. જેના કારણે ત્રાસ આપતા હોય જેથી કંટાળી આ પગલું ભરી લીધું હતું. આ અંગે પોલીસે સ્યુસાઈડ નોટના આધારે તપાસ ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ



રેલનગરમાં છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતા અને આજીડેમ ચોકડી પાસે રામેશ્વર પાર્કમાં આસ્થા ટેઈલર નામે દરજી કામની દુકાન ધરાવતા જીગર અશોકભાઈ સોંલકી (ઉ.વ.૩૧)નામના દરજી યુવાને આજે સવારે પોતાના ઘરે પંખામાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.

પોલીસને ઘટના સ્થળેથી મૃતક જીગરે આપઘાત કરતા પૂર્વે લખેલી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં તેણે સાસુ-સસરાના ત્રાસથી આ પગલું ભરી લીધાનું જણાવ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક જીગર બે ભાઈ ત્રણ બહેનમાં વચેટ હતો તેના લગ્ન ત્રણ મહિના પૂર્વે પત્ની સોનલ સાથે થયા હતા. સાસુ-સસરા પરાણે છૂટાછેડા કરવા માટે દબાણ કરતા હોય અને રૂપિયા પડાવી છુટુ કરવાનો કિંમીયો હોવાનું જાણવા મળ્યું છે. મૃતકે સ્યુસાઈડ નોટમાં જણાવ્યા મુજબ તેના સાસુ-સસરા મારી નાખવાની અને પોલીસમાં કેસ કરવાની ધમકી આપી અવાર-નવાર હેરાન કરતા હોય. જેથી કંટાળી તેણે આ પગલું ભરી લીધાનું જણાવ્યું હતું. આ અંગે પ્ર.નગર પોલીસે સ્યુસાઈડ નોટના આધારે વધુ તપાસ હાથ ધરી છે.